મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# લુણાવાડા ભાજપ પાર્ટી કાર્યાલય ઉદઘાટન સમયે રાજપૂત યુવાનો દ્વારા સુત્રોચાર સાથે વિરોધ કર્યો :પુરષોતમ રૂપાલાની ટીકીટ રદ કરવા માગ કરાઈ



મલેકપુર, રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામે મહીસાગરમાં વિરોધ કરવામાં આવ્યો. જિલ્લા મથક લુણાવાડા ખાતે આજે ભાજપ ૧૨૨ લુણાવાડા વિધાનસભાના કાર્યાલયના ઉદઘાટન સમયે ક્ષત્રિય સમાજ દ્વારા સુત્રોચાર કરી વિરોધ કરવામાં આવ્યો હતો.

પંચમહાલ ૧૮ લોકસભાની લુણાવાડા કાર્યાલયના ઉદઘાટન સમયે ક્ષત્રિય સમાજના યુવાનો દ્વારા પુરષોતમ રૂપાલા હાય હાય ના નારાઓ લગાવી વિરોધ કરવામાં આવ્યો હતો.રૂપાલાની ટિકિટ રદ કરો રૂપાલા હાય હાય ના નારા સાથે રાજપૂત સમાજના યુવાનોનો ઉગ્ર વિરોધ કર્યો હતો. ત્યારે પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવી વિરોધ કરી રહેલા ક્ષત્રિય સમાજના યુવાનો ની અટકાયત કરી હતી.ક્ષત્રિય સમાજના જસપાલસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, આજરોજ પંચમહાલ ૧૮ લોકસભાની જ્યારે મહીસાગર જિલ્લાની લુણાવાડા ખાતે ઓફિસનું ઉદઘાટન હતું. એ રીતે ગુજરાતમાં અત્યારે ચાલી રહ્યું છે. કે,૨૩ માર્ચના દિવસે રૂપાલા દ્વારા અમારી મા-બેન દીકરીઓ વિશે અયોગ્ય શબ્દો બોલવામાં આવ્યા છે. તેને લઈને સમગ્ર ગુજરાતની અંદર અત્યાર સુધીનો રૂપાલાનો વિરોધ હતો. જે બીજેપી સરકારે તેની નોંધ લીધી નથી. અને રૂપાલાની ટીકીટ રદ કરી નથી.એટલે અત્યારે અમારે પાર્ટ-૨ પ્રમાણે અત્યારે ગુજરાતની અંદર ૨૬ સે ૨૬ સીટ ઉપર ક્ષત્રિય સમાજ દ્વારા, આમ તો ક્ષત્રિય સમાજની ગણના કરો તો બોઉ ઓછી છે. પણ જ્યારે ૫૬૨ રજવાડા દાન કરી અને બધા ૧૮ એ ૧૮ વર્ણને સાથે લઈ ચાલતા હોય. ત્યારે એવું સમજી લેવુ નહિ કે ખાલી ક્ષત્રિય સમાજની સંખ્યા ઓછી છે. પણ જે રીતે ભાજપ સરકારે ક્ષત્રિય સમાજની અવગણના કરેલી છે.એ પ્રમાણે અત્યારે ૨૬એ ૨૬ સીટોની ભાજપની, ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ દર્શાવવામાં આવશે.તેમજ આની અસર ખાલી ગુજરાત લેવલે એકલી નહિ પણ નેશનલ લેવલે પણ આની અસર જોવા મળશે.અને ક્ષત્રિય સમાજ અત્યારે એક થઈને દરેક જગ્યાએ જિલ્લા-જિલ્લા,તાલુકા-તાલુકા ભાજપનો વિરોધ કરી. ભાજપની વિરુદ્ધ તેનું મેક્સિમમ જેટલું શક્ય બને એટલું વોટિંગ અથર્સ પાર્ટી જે મજબૂત હશે સામે વાળી પાર્ટી એને સપોર્ટ કરશે.

## લુણાવાડા ખાતે જનરલ ઓબ્ઝર્વરશ્રી છોટે સિંગ (ઈ.અ.જ) અને પોલીસ ઓબ્ઝર્વર અંજની કુમાર જા ના અધ્યક્ષતામાં અધિકારીઓ સાથે બેઠક યોજાઈ



લુણાવાડા, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત પંચમહાલ લોકસભા મત વિસ્તાર માટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલ જનરલ ઓબ્ઝર્વર શ્રી છોટે સિંગ(આઈ. એ. એસ)અને પોલીસ ઓબ્ઝર્વરશ્રી અંજની કુમાર જા ના અદયક્ષ સ્થાને મહીસાગર જિલ્લાના લુણાવાડા સર્કિટ હાઉસ ખાતે તમામ નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજી ચૂંટણીલક્ષી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

બેઠકમાં મહીસાગર જિલ્લાના ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રીમતી નેહા કુમારીએ મતવિસ્તારમાં કરવામાં આવી રહેલી કામગીરી અંગે બન્ને ઓબ્ઝર્વરશ્રીઓને અવગત કરાવ્યાં હતા. તેમજ મતદાન જાગૃતી માટે સ્વીપ એક્ટિવિટી, કાયદો અને વ્યવસ્થા, સ્ટાફની તાલીમ, એફએસટી, એસએસટી સહિતની વિવિધ ટીમો દ્વારા કરવામાં આવતી કામગીરી બાબતે બન્ને ઓબ્ઝર્વરશ્રીઓને પાવરપોઇંટ પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી આપી હતી.

## લુણાવાડાના ચોરી ગામે ૧૧.૮૩૦ કિલો ગાંજા સાથે એક ઈસમને ઝડપ્યો

લુણાવાડા, મહિસાગર એસઓજી પીઆઈ એ.બી.અસારી દ્વારા સ્ટાફના માણસોની અલગ અલગ ટીમો બનાવી જિલ્લા સતત તપાસ કરવામાં આવી હતી. ત્યારે તપાસ દરમિયાન બાતમી મળી હતી કે, ચોરી ગામનો રહેવાસી દિલીપસિંહ પરમાર પોતાના ઘરે સુકો વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો રાખી તેનુ વેચાણ કરી રહ્યો છે. બાતમી મળતા એસઓજી પીએસઆઈએ પોલીસ સ્ટાફ સાથે દિલીપ ઉર્ફે લાલાના ઘરમાં રેડ કરી હતી. જે દરમિયાન પોલીસે ૧૧.૮૩૦ કિલો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જેની કુલ કિ.રૂ.૧,૧૮,૩૦૦/-થાય છે. જે તમામ મુદ્દામાલ સાથે આરોપી દિલીપસિંહ ઉર્ફે લાલો નારાયણભાઈ પરમારને ઝડપી પાડ્યો હતો.

## બાલાસિનોરથી દેવ ચોકડી સુધી ગેરકાયદેસર શોપિંગ સેન્ટરો બન્યા હોવાનો આક્ષેપ

બાલાસિનોર, બાલાસિનોરથી દેવ ચોકડી સુધી કેટલાક શોપિંગ સેન્ટરો ગેરકાયદે હોવાના આક્ષેપો ઉઠયા છે. જેમાં જોરાપુરા પાસે બનાવેલ બે શોપિંગ સેન્ટરમાં બનાવેલા અમુક દુકાનોની લે-આઉટના નકશા મુકયા વગર મામલતદાર કચેરીમાંથી નોંધ પાડવામાં આવી હોવાના આક્ષેપ કરાયા છે. છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરાતા હોવાની ચર્ચાઓ ઉઠી છે. બાલાસિનોરથી દેવ ચોકડી સુધી અનેક લોકોએ ખેતીલાયક જમીનમાં દુકાનોનુ બાંધકામ કરીને લાખો રૂપિયાની કમાણી ઉભી કરી હોવાનુ જાણવા મળ્યુ છે. લુણાવાડાથી બાલાસિનોરને જોડતા મુખ્ય માર્ગ પર અનેક અંતર છોડીને કોમર્શિયલ બાંધકામ કરવાનુ હોય છે. પરંતુ લોભી બિલ્ડરોએ રોડને અડીને બાંધકામ કરવામાં આવતા અકસ્માત થવાની શકયતાઓ દેખાઈ રહી છે. ત્યારે આ તમામ શોપિંગ સેન્ટરો વાળી જગ્યા બિનખેતીલાયક થઈ છે કે કેમ શોપિંગ સેન્ટરનો નકશો સરકારી નિયમ મુજબ બનાવવામાં આવ્યો છે કેમ તેવા પ્રશ્નો ચર્ચાઈ રહ્યા છે. બીજી બાજુ બાલાસિનોર તાલુકાના જોરાપુરા નજીક આવેલ બે શોપિંગ સેન્ટરમાં બનાવેલ અમુક દુકાનોમાં લે-આઉટના નકશા મુકયા વગર મામલતદાર કચેરીમાં નોંધ પાડી હોવાના આક્ષેપ કરાયા છે.

## ૧૭-ખેડા લોકસભા બેઠક માટે કુલ ૧૨ ઉમેદવારોના ફોર્મ મંજુર કરવામાં આવ્યા

ખેડા, લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત ૧૭ - ખેડા લોકસભા બેઠક માટે તા. ૭મી મે ૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. જે અન્વયે આજે તા. ૨૦-૦૪-૨૦૨૪ ને શનિવારના રોજ ખેડા લોકસભા બેઠક માટે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં કુલ ૧૨ ઉમેદવારોનાં ૧૨ ફોર્મને મંજૂરી મળી છે.

૧૭ - ખેડા લોકસભા બેઠક પરથી તા. ૧૬-૦૪-૨૦૨૪ થી તા.૧૯-૦૪-૨૦૨૪ સુધીમાં કુલ ૧૪ ઉમેદવારો દ્વારા કુલ ૨૫ ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમાં તા. ૨૦-૦૪-૨૦૨૪ના રોજ ફોર્મ સ્કુટીની પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસમાંથી કાળુસિંહ રયજીભાઈ ડાભી, ભારતીય જનતા પાર્ટીમાંથી દેવુંસિંહ જેસિંગભાઈ ચૌહાણ, બહુજન સમાજ પાર્ટીમાંથી ભાઈલાલભાઈ કાળુભાઈ પાંડવ, ગરીબ કલ્યાણ પાર્ટીમાંથી ઈન્દીરાદેવી હીરાલાલ વોરા, રાઈટ ટુ રીકોલ પાર્ટીમાંથી ઈમરાનભાઈ બીલાલભાઈ વાંકાવાલા, ભારતીય જન પરીષદમાંથી કમલેશભાઈ પોપટભાઈ પટેલ, ન્યુ ઈન્ડિયા યુનાઈટેડ પાર્ટીમાંથી દશરથભાઈ હરજીવનભાઈ કાંટીયા, રાષ્ટ્રીય મહાસ્વરાજ ભૂમિ પાર્ટીમાંથી અનિલકુમાર ભાઈલાલાભાઈ પટેલ, ભારતીય જનનાયક પાર્ટીમાંથી સૈયદ કાદરી મોહમ્મદ સાબિર અને અપક્ષમાંથી ઉપેન્દ્રકુમાર વલ્લવભાઈ પટેલ, હિતેશકુમાર પરસોતમભાઈ પરમાર તથા સંજયકુમાર પર્વતસિંહ સોઢાની ઉમેદવારીને મંજુર કરવામાં આવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે ઉમેદવારી પત્રક પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૨/૦૪/૨૦૨૪ છે.

## એન.આર.એલ.એમ શાખા દ્વારા મતદાન જાગૃતિ માટે કામગીરી કરવામાં આવી



ખેડા, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત એન.આર. એલ.એમ શાખા, ડીઆરડીએ દ્વારા ખેડા જિલ્લાના ગામોમાં સખી મંડળની બહેનો દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં સ્વીપ એક્ટીવીટી અંતર્ગત ૦૩ મતદાન જાગૃતિ રેલી, ૧૪ મતદાન શપથ ગ્રહણ, ૧૧ વોટીંગ માટે માર્ગદર્શન મીટીંગ, ૦૨ સીગ્નેચર કેમ્પેઈન અને ૧૭ સ્વસહાય જૂથ મીટીંગ્સ સહિતની કામગીરી એન.આર. એલ.એમ શાખા નડિયાદ દ્વારા કરવામાં આવી છે.આ કાર્યક્રમ થકી ઓછુ મતદાન ધરાવતા બૂથ પર મતદાન વધારવા માટે પ્રયાસો કરવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને મહિલાઓ દ્વારા સો ટકા મતદાન થાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું.આ કાર્યક્રમોમાં અલગ અલગ જગ્યાએ કુલ મળીને અંદાજિત ૧૨૦૦ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહિસાગર જીલ્લા શાળા સંચાલક મંડળ મતદાર જાગૃતિ અભિયાનમાં જિલ્લા તંત્રને સહભાગી બનવા સંમત



મહિસાગર, આગામી સમયમાં લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪નો સૌથી મોટો અવસર આવી રહ્યો છે. આગામી તારીખ ૭ મેના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભા સીટો પર મતદાન થશે. ગત ચૂંટણી કરતા આ વખતે મતદાનની ટકાવારી વધે તેવા પ્રયત્નો ચૂંટણી પંચ દ્વારા સ્વીપના માધ્યમ મારફતે કરવામાં આવી રહ્યા છે ત્યારે મહીસાગર જીલ્લા શાળા સંચાલક મંડળે જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જીલ્લા કલેક્ટરશ્રીને પત્ર પાઠવી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત મતદાર જાગૃતિ અભિયાનમાં સહભાગી બનવા સંમતિ દર્શાવી છે.

આ અંગે મંડળના હોદ્દેદારોએ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને મળી પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે મહીસાગર જીલ્લામાં આવેલી ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ શાળાના સંચાલકોનું મહીસાગર જીલ્લા શાળા સંચાલક મંડળ કાર્યરત છે. જેમાં જીલ્લાના તમામ સંચાલકોની બેઠકમાં દરેક ગામમાં શાળાના ટ્રસ્ટી મંડળના સભ્યો દ્વારા મતદાર અંગે જાગૃતિ ફેલાવવા એકસૂરે સંમત થયા હતા. તેમજ સ્વીપ ઈવેન્ટ અંતર્ગત યોજાનાર કાર્યક્રમોમાં ભાગ લઈ મતદાન જાગૃતિના કાર્યક્રમોમાં સહભાગી થવા તેમજ શાળા સંચાલકો દ્વારા પોતે તથા પોતાના ટ્રસ્ટી મંડળના સભ્યો અને શાળાના કર્મચારીઓના માધ્યમથી સક્રિય રીતે મતદાન જાગૃતિ ફેલાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો અને આગામી ૭ મી મેના રોજ અવશ્ય મતદાન કરી અને કરાવી લોકશાહી આ અવસરને સાર્થક કરવા ખાસ અપીલ મહીસાગર જીલ્લા શાળા સંચાલક મંડળ પ્રમુખ એસ.કે.પટેલ, અધ્યક્ષ કનુભાઈ પી. પટેલ, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ ડી. સિસોદીયા,ઋષિરાજ કે પંડયા તેમજ તમામ કારોબારી સભ્યો દ્વારા કરવામાં આવેલ છે.

## નડિયાદની સેન્ટ મેરી સ્કુલ દ્વારા શેરી નાટક કરી મતદાનજાગૃતિનો સંદેશો આપવામાં આવ્યો



નડિયાદ, લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત એસ.વી.ઈ.ઈ.પી. એક્ટિવિટી હેઠળ ખેડા જિલ્લાની તમામ શાળાઓમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરી મતદાન જાગૃતિના કાર્યક્રમ યોજવામાં આવે છે. તે અંતર્ગત નડિયાદ તાલુકાની સેન્ટ મેરી સ્કૂલ દ્વારા વાણીયાવાડ ખાતે શેરી નાટક કરી મતદાતાઓને આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ માં મતદાન કરવા અપીલ કરવામાં આવી. સાથે જ મતદાન માટે શપથ લઈ દરેક મતદાતા ચોક્કસ મતદાન કરે તે માટેનો સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યો.

## મહીસાગર જિલ્લાતંત્રની નવતર પહેલ મતદાન જાગૃતિ ગરબા મહોત્સવ



મહિસાગર, લોકસભાની સામાન્ય ચૂંટણીનું ગુજરાત રાજ્યમાં ૭ મી મે ૨૦૨૪ના રોજ મતદાન થવાનું છે ત્યારે મહીસાગર જિલ્લામાં મહત્તમ મતદાન થાય અને આંગણે આવેલા આ લોકશાહીના અવસરમાં મતદારો ઉત્સાહભેર સહભાગી બને તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટર શ્રીમતી નેહાકુમારીના માર્ગદર્શનમાં મતદાર જાગૃતિ અને તેના પ્રચાર પ્રસાર માટે નવતર પહેલ સમાન કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે જેને વ્યાપક પ્રતિસાદ પણ મળી રહ્યો છે ત્યારે લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લાની એન.આર.એલ.એમ. યોજનાના સ્વ સહાય જૂથ, આઈ.સી.ડી.એસ. વિભાગ, જીલ્લા બાલ સુરક્ષા વિભાગ અને આરસેટી (બેન્ક ઓફ બરોડા)ની બહેનો દ્વારા મતદાર જાગૃતિ માટે ગરબા મહોત્સવ, મહેંદી અને રંગોળી કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જાણીતા કલાકાર બહાદુર ગઢવીએ મારી મહીસાગરની આરે ઢોલ વાગે સે પ્રચલિત ગરબાને મતદાન જાગૃતિનો ગરબો બનાવી અદભૂત પ્રસ્તુતિ કરી હતી. આ ઉપરાંત ટીમલી, રેલગાડી જેવા વિવિધ સ્ટેપ્સમાં બહેનોએ ઉમંગભેર જોડાઈ હતી. ગરબાના ઉર્જાસભર કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રીમતી નેહાકુમારી જિલ્લા વિકાસ અધિકારી શ્રી સી એલ પટેલ, ડીઆરડીએ નિયામક શ્રી સહીત વિવિધ વિભાગના અધિકારીઓએ પણ જોડાઈને રંગ જમાવ્યો હતો. આ કાર્યક્રમમાં મતદાર જાગૃતિ પ્રતિજ્ઞા, સિગ્નેચર કેમ્પેઈન અને પ્રથમ વખત મત આપનાર મતદાતાઓએ મતદાર જાગૃતિના સુત્રોથી સમગ્ર વાતાવરણ ગુજવ્યું હતું.

## મહેમદાવાદના સિંહુજ ગામે મતદાન જાગૃતિ માટે કાર્યક્રમ કરવામાં આવ્યો



મહેમદાવાદ, લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત ૧૧૭-મહેમદાવાદ વિધાનસભા મતદાર વિભાગનાં સિહુંજ ગામ ખાતે આઈ.સી.ડી.એસ. તેમજ હેલ્થ ડિપાર્ટમેન્ટના સંકલન દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રંગોળી કરી અને સિગ્નેચર કેમ્પેઈન દ્વારા લોકોને મતદાન માટે અપીલ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પ્રોગ્રામ ઓફિસરશ્રી, બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, મેડીકલ ઓફિસરશ્રી (સિંહુજ), નાયબ મામલતદારશ્રી તથા હેલ્થ ડિપાર્ટમેન્ટના અન્ય કર્મચારીઓશ્રી સહિત અંદાજીત ૧૦૦ થી ૧૨૦ વ્યકિતઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલના રતનપુર ગામેથી ઝોલાછાપ તબીબને ૧.૩૮ લાખની દવાઓના જથ્થા સાથે ઝડપ્યો

કાલોલ, પંચમહાલ જિલ્લા ઉચ્ચ પોલીસ અધિકારીની સુચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લામાં માન્યતા પ્રાપ્ત ડિગ્રી વગર ગેરકાયદે રીતે તબીબી પ્રેક્ટિસ કરી એલોપેથિક દવાઓ આપી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા હોય તેવા ઈસમો અંગે કાયદેસર કરવા જણાવ્યુ હતુ. જેના આધારે ગોધરા એસ.ઓ.જી.પોઈ.આર.એ.પટેલે પોસઈ તથા સ્ટાફને જરૂરી સુચના આપી હતી. ત્યારે બાતમી મળી હતી કે,કાલોલના રતનપુરા ગામે નિશાળ ફળિયામાં ડિગ્રી વગર દવાખાનુ ચાલી રહ્યુ છે. બાતમીના આધારે એસઓજી સ્ટાફના માણસો અને હેલ્થ ઓફિસરની ટીમ સાથે રહીને બાતમીવાળા સ્થળે પહોંચતા ડિગ્રી વગર દવાખાનુ ચલાવનાર ઝોલા છાપ તબીબ દેબાસીસ શીતલભાઈ બાલા (મુળ રહે.ફુલતલા, પશ્ચિમ બંગાળ)ને પકડી પાડ્યો હતો. અને સ્થળ પરથી કુલ રૂ.૧,૩૮,૦૧૮/-એલોપેથિક દવાઓ મુદ્દામાલ જપ્ત કરી હતી.

# નડિયાદના ૧૦૮ વર્ષના 'બા' યુવાનો માટે પ્રેરણારૂપ ૧૦૮ વર્ષની વયે પણ મતદાન કરી લોકશાહીનો પર્વ ઉત્સાહથી ઉજવે છે

નડિયાદ ''ઉત્સાહી હોય તે યુવાન'' આ કહેવત ચૂંટણીના સમયમાં મતદારોના મિજાજને સચોટ રીતે વર્ણવે છે. પ્રથમ વખત મતદાર હોય, મહિલા મતદાર હોય, દિવ્યાંગ મતદાર હોય કે પછી શતાયુને પાર કરી ગયેલા મતદારો હોય, તમામ મતદારો જ્યારે એક સરખા ઉત્સાહથી મતદાન કરે છે ત્યારે લોકશાહી ખરા અર્થમાં સાર્થક થાય છે.લોકશાહીનો મહાપર્વ એટલે ચૂંટણી. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના આ પર્વની ઉજવણીમાં નડિયાદના ૧૦૮ વર્ષના બા યુવાનો માટે પ્રેરણારૂપ બની રહ્યા છે. નડિયાદના જેવરબેન રબારી ૧૦૮ વર્ષની ઉમરે પણ નિયમિત મતદાન કરી દેશના નાગરિક તરીકેની પોતાની ફરજ નિભાવી રહ્યા છે. ૧૧૬-નડિયાદ વિધાનસભાના મતવિભાગના જેવરબેન મેલાભાઈ રબારી ૧૦૮ વર્ષની ઉંમરે પણ અચૂક મતદાન કરવાનો નિર્ધાર ધરાવે છે.જેવરબેન રબારી જણાવે છે કે ''કોઈ પણ પ્રકારની ચૂંટણી કેમ ના હોય મે હમેશાં મતદાન કર્યુ છે. અને આ ચૂંટણીમાં પણ હું અચૂક મતદાન કરીશ.'' લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં જેવરબા જાતે મતદાન મથકે જઈ પોતાનો અમૂલ્ય મત નોંધાવશે.લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં અચૂક મતદાન માટે વિભિન્ન સમુદાયના લોકો દ્વારા મતદાન માટેની અપીલ કરવામાં આવી રહી છે ત્યારે મતદાન અપીલની આ શ્રેણીમાં નડિયાદ શહેરના મીલ રોડ, મજૂરગામમાં રહેતા ૧૦૮ વર્ષનાં શ્રી જેવરબેન મેલાભાઈ રબારીએ જિલ્લાવાસીઓને લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં અવશ્ય મતદાન કરવાની વિનંતી કરી છે.નોંધનીય છે કે લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં અચૂક મતદાન કરી ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા આજે આખો દેશ કટિબદ્ધ છે. ગુજરાતમાં પણ ત્રીજા તબક્કામાં ૦૭ મે ના રોજ મતદાન થકી ૨૬ સીટો પર જે તે ઉમેદવારોનું ભાવિ નક્કી થશે. ગુજરાતમાં ઠેર ઠેર સ્વીપ એક્ટિવિટી દ્વારા મતદાન જાગૃતિનો સંદેશ ઘર ઘર અને જન જન સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે.

## આપની આજ.......

મેષ:આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદના વોર્ડ નં.૯ વિસ્તારમાં ટ્રાફિકની ભારે સમસ્યા : વાહન ચાલકો અને ટ્રાફિક જવાનો વચ્ચે તુ..તુ..મે..મે..ના દ્રશ્યો

દાહોદ

દાહોદ શહેરમાં આવેલ વોર્ડ નંબર ૦૯ના વિસ્તારમાં સવારથી સાંજ સુધી ટ્રાફિક જામના ભારે દ્રશ્યો સર્જાઈ રહ્યાં છે. વાહન ચાલકો ટ્રાફિક જવાનોને ગાંઠતાં પણ નથી અને ઘણી વખત વાહન ચાલકો અને ટ્રાફિક જવાનો વચ્ચે તુ.. તું.. મૈં..મૈં.. ના દ્રશ્યો પણ સર્જાતાં રહે છે. આ વિસ્તારના જાગૃત નાગરિકો દ્વારા આ વિસ્તારમાં થતાં ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે સ્થાનીક વહીવટી તંત્રથી લઈ ટ્રાફિક પોલીસને અનેકવાર રજુઆત કરવા છતાંય આજદિન સુધી આ વિસ્તારની ટ્રાફિકની સમસ્યાનું કોઈ નિરાકરણ ન આવતાં સ્થાનીક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

દાહોદ સ્માર્ટ સીટીમાં ટ્રાફિકની સમસ્યા કોઈ નવી નથી. દાહોદ શહેરમાં જ્યાં જુઓ ત્યાં ટ્રાફિકના દ્રશ્યો સર્જાઈ રહ્યાં છે. દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો હોવાથી હાલ આદિવાસી સમાજમાં લગ્નની સિઝન ચાલતી હોય અને તેવા સમયે દાહોદ શહેરમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો સહિત દાહોદ જિલ્લાને અડીને આવેલ મધ્યપ્રદેશ અને રાજસ્થાન જિલ્લાના લોકો પણ દાહોદ શહેરમાં ખરીદી કરવા માટે મોટી સંખ્યામાં જોવા મળી રહ્યાં છે. લગ્નગાળાની સિઝનમાં હાલ દાહોદના બજારોમાં ખરીદી કરવા માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે દાહોદ શહેરમાં વહેલી સવારથી લઈ મોડી સાંજ સુધી શહેરના રસ્તાઓ ઉપર ટ્રાફિકના દ્રશ્યો સર્જાઈ રહ્યાં છે તેમાંય ખાસ કરીને દાહોદ શહેરના વોર્ડ નંબર ૦૯માં આવેલ બંદુકવાડની ગલી, બહારપુરા કીકલાવાલાની ચક્કી જતો રસ્તો, દૌલતગંજ બજાર કોર્ટ નાકુ સહિતના વિસ્તારોમાં ભારે વાહનોની સતત અવર જવરના કારણે સવારથી સાંજ સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાઈ રહ્યાં છે. બોર્ડની પરીક્ષાઓ દરમ્યાન પણ ઘણી વખત ટ્રાફિક જામના દ્રશ્યોને કારણે વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા જવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. આ વિસ્તારમાં ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ હોવા છતાંય તંત્રની નજર રહેમ હેઠળ સતત ચોવીસે કલાક આ વિસ્તારમાંથી ભારે વાહનો પસાર થઈ રહ્યાં છે. ઘણી વખત વાહન ચાલકો અને ટ્રાફિક જવાનો વચ્ચે શાબ્દિક તકરારો પણ જોવા મળતી હોય છે. વાહન ચાલકો ટ્રાફિક જવાનોને ગાંઠતાં નથી. ઘણી વખત ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ જેવા ઈમરજન્સી વાહનો પણ ટ્રાફિક જામમાં ફસાઈ જવાને કારણે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશમાં સવાર દર્દીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે આ મામલે દાહોદ શહેર ભાજપના પુર્વ પ્રમુખ અને અગ્રણી વેપારી એવા કમલેશભાઈ રાઠી દ્વારા તેમજ સ્થાનીક લોકો દ્વારા આ મામલે સંબંધિત તંત્રને અનેકવાર રજુઆત કરવા છતાંય આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાનું અત્યાર સુધી કોઈ નિરાકરણ આવવા પામ્યું નથી. ત્યારે આ વિસ્તારમાં ટ્રાફિકના નિયમોનું પાલન થાય તેવી લાગણી અને માંગણી આ વિસ્તારના રહીશો તેમજ વેપારીઓમાં ઉઠવા પામી છે.

# દાહોદ જિલ્લાના ફતેપુરા ગામે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરી ગર્જના ભાજપ ૨૬ સીટો જીતશે સભામાં ઉમટ્યું જન મહેરામણ





દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા ગામે આજે દાહોદ લોકસભાના ભાજપના ઉમેદવાર જસવંતસિંહના પ્રચાર માટે જીજય વિશ્વાસ સંમેલનમાં આવ્યા હતા આ સભામાં સ્વાગત પ્રવચન જિલ્લા પ્રમુખ શંકર અમાલિયાર એ કર્યું હતું ત્યાર પછી સભાનું સબોધન કરતા દાહોદ જિલ્લાના ભાજપના સંસદના ઉમેદવાર જસવંતસિંહ એ કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસ એ ૭૦ વર્ષમાં કોઈ કામ નથી કર્યા દાહોદ માટે પીવાના પાણી, સિંચાઈ નું પાણી ની કોઈ વ્યવસ્થા નોટો કરી ભાજપની સરકારે હાફેશ્વર અને કડાણા થી પાણી પૂરું પાડવાની યોજનાઓ શરૂ કરી, આજ કોંગ્રેસ દાહોદમાં ઝાયડસ સિવિલ શરૂ થયું તો તેનો વિરોધ કરતી હતી વિચાર કરો જો કોરોના વખતે ઝાયડસ હોસ્પિટલ ના હોત તો આપડી શું સ્થિતિ થતી, કોંગ્રેસ માત્ર વિરોધનું રાજકારણ કરે છે, ૧૪૭૫ કરોડનું મફત અનાજ ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રની મોદી સરકાર આવનાર વર્ષોમાં પણ આપવાની છે.

દાહોદના ફતેપુરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એ કહ્યું હતું કે તમેજ કો ચાલો કોની ગેરંટી ચાલે કોઈ છે એવું કે જેની ગેરંટી ચાલે ના ચાલે મોદી ની ગેરંટી સામે કોઈ ની ગેરંટી ના ચાલે બેંકમાં લોન માટે ની ગેરંટી હોય કે ખેતી ક્ષેત્રે, આરોગ્ય ની ગેરંટી, અને દેશને વિકસિત દેશોમાં મજબૂત સ્થિતિમાં ૧૧માં સ્થાને થી ૫માં સ્થાને અને હવે ત્રીજા સ્થાને લાવાની વાત હોય આ નરેન્દ્રભાઈ ના વિઝન ની તાકાત છે કે દેશને અગ્રીમ હરોળમાં ઊભો કરી દિધો છે અને એમના વાયબ્રન્ટ ગુજરાતની સફળ યોજના ના ગુજરાતમાં ૧૦ વર્ષ પૂર્ણ થયા અને જેના પરિણામે ૧૦૦ જેટલી મોટી કંપનીઓ એ ગુજરાતમાં પોતાનું રોકાણ કર્યું છે અને જેના કારણે આજે ગુજરાત રોજગારીમાં આવેલ સ્થાને આવ્યું છે આ નરેન્દ્રભાઈ મોદી સરકારની ઉપલબ્ધિ છે એમની તપશ્ચર્યા નું ફળ છે હવે આપડે એમને અબકી બાર ચારસો પાર પહોચાડવામાં છે અને એના માટે આપડે આપડા દાહોદના ઉમેદવાર જસવંતસિંહ ભાભોરને પલાખથી વધુ બહુમતી થી જીત અપાવી દિલ્હી મોકલવાના છે.

# દે.બારીઆ તાલુકાની તમામ ઓફિસોમાં આચાર સંહિતા આગળ કરી ગરમીના પારાના લીધે તમામ વિભાગોના કર્મીઓ ગુલ્લેબાજી કરે છે



દે.બારીઆ,

આદર્શ ચુંટણી આચાર સંહિતાનો બહાનો બતાવીને તમામ સરકારી કચેરીઓમાં ગુલ્લે બાજીનો દૌર ચાલુ થયો છે. નગરપાલિકાથી લઈને કસ્બા તલાટીની કચેરીઓમાં તથા તાલુકા પંચાયત કચેરીના અલગ અલગ ખાતાના વિભાગો હોય કે સરકારી હોસ્પિટલના તથા તાલુકા હેલ્થ કચેરીના કર્મચારીઓ પોતાના ટેબલો ઉપર દેખવા મળતા નથી. અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે,પાલિકાના ચીફ ઓફિસર પંદર દિવસે કઈંક દેખવા મળે તો મળે તેવુ શહેરની આમ જનતામાં ચર્ચાઈ રહ્યુ છે. એમના હાથ નીચેના કર્મીઓ પણ આયા રામ...ગયા રામ...ચલાવી રહ્યા છે.આવા ગુલ્લેબાજી કરતા કર્મચારીઓને કોઈ બાબતની ડી નથી કે શુ ?બપોરે ત્રણ વાગ્યા બાદ તો ઓફિસો સુમસામ દેખાવા લાગે છે. ઓફિસનો સમય ૧૦.૩૦ થી ૬.૦૦નો હોય છે પરંતુ પાંચના સમયે તો કોન્ટ્રકિટ બેજના કર્મીઓ હશે. આવા ગુલ્લેબાજી કરનાર કર્મીઓને આચાર સંહિતા લાગુ પડતી નથી. એક તરફ ચુંટણીને દ્યાને લઈને વેકેશનમાં ચાર–પાંચ દિવસો લંબાવી દીધા છે. ત્યારે આવા ગુલ્લેબાજી કરનારા કર્મીઓના શાન ઠેકાણે માત્ર ચુંટણી પંત્ર લાવી શકે છે તેવુ આમ જનતામાં ચર્ચાઈ રહ્યુ છે. હવે એ દેખવાનુ છે કે આવનારા દિવસોમાં કેટલો ફરક દેખવા મળશે ખરો ?

# દાહોદ સહિત જિલ્લામાં કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠયાં છે. સવારના ૧૦ વાગ્ઝયાથી બપોરના સમય સુધી ૪૦ ડિગ્રી તાપમાનથી લોકો પરસેવા રેબઝેબ થઈ ગયાં હતાં ત્યારે સાંજ સુધી પણ ૩૯ ડિગ્રી સુધી તાપમાન રહેવા પામ્યું હતું.કાળઝાળ ગરમીથી હાલ સમગ્ર ગુજરાતના તમામ રાજ્યોમાં લોકો હેરાન પરેશાન બન્યાં છે. ઘણા જિલ્લાઓમાં તો તાપમાન ૪૫ ઉપર પહોંચી ગયું છે ત્યારે આવી કાળઝાળ ગરમીના પ્રકોપથી દાહોદ જિલ્લો પણ બાકાત રહ્યું નથી. આજરોજ દાહોદ જિલ્લાનું તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. વહેલી સવારના ૧૦ વાગ્યાથી કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ હતી બપોર સુધી તાપમાનનો પારો ચઢતાં જિલ્લાવાસીઓને કાળઝાળ ગરમીનો અનુભવ થયો હતો. કામ વગર લોકોએ ઘરની બહાર જવાનું ટાળ્યું હતું. જિલ્લામાં ઠંડાપીણા સહિતની દુકાનો લાગી ગઈ છે. ઠંડીથી રક્ષણ મેળવવા માટે લોકો ઠંડીપીણાનો પણ સહારો લેતાં જોવા મળ્યાં હતાં તો બીજી તરફ સાંજ પડતાં પણ તાપમાનનો પારો ૩૯ ડિગ્રી સુધી રહેતાં સાંજ સુધી પણ લોકોને ગરમીનો સામનો કરવો પડ્યો હતો. રાત્રીના સમયે લોકો ઘરની બહાર નીકળી હરવા, ફરવા પણ નીકળતાં જોવા મળ્યાં હતાં. તો બીજી તરફ શહેરના બાગ, બગીચાઓમાં સાંજ તેમજ રાત્રી સમયે લોકોની ભારે ભીડ પણ જોવા મળી હતી. બજારોમાં ચસ્મા, ટોપીની ખરીદી કરતાં પણ લોકો જોવા મળ્યાં હતાં. ગરમી વધતાં લોકોના એસી, કુલર, પંખા જેવા સાધનો પણ આવી કાળઝાળ ગરમીથી વામળા પુરવાર સાબીત થયાં હતાં. લોકો ગરમીથી રક્ષણ મેળવવા માટે અવનવા ઉપાયો કરી રહ્યાં છે ત્યારે આવનાર દિવસોમાં ગરમી વધુ વધશે તેવા સંકેતો વચ્ચે લોકો પરસેવે રેબઝેબ થઈ રહ્યાં છે. હાલ તો માત્ર એપ્રિલ માસ ચાલી રહ્યો છે ત્યારે મે અને જુન મહિનામાં કેવી ગરમી પડશે ? તેવા અનેક વિચારો લોકોમાં ઉદ્ભવવા પામ્યાં છે.

# દે.બારીઆના બામરોલી ગામે કુવો બનાવી આપવાના નામે મોટા પ્રમાણમાં ખાયકી થતાં લાભાર્થીઓની રજુઆત


દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના બામરોલી કુવા બનાવી આપવાના નામે મોટાપાયે ખાયકી થઈ હોવાની લાભાર્થીઓ દ્વારા રજુઆત કરવામાં આવી છે.

બામરોલી ગામના બામરોલી મુવાડામાં મનરેગ યોજના હેઠળ થયેલા કામોમાં ભ્રષ્ટાચાર થયો હોવાથી લાભાર્થીઓ દ્વારા રજુઆત કરી કુવા મંજુર કરાવવાના નામે પૈસા ઉઘરાવી લાભાર્થીઓને એકપણ રૂપિયો નહિ મળતા કામગીરી અધુરી છે. જયારે રેકર્ડ ઉપર કુવાની કામગીરી પુર્ણ દેખાડી અને કુવાનુ બિલનુ ચુકવણુ થયુ હોવાનો લાભાર્થીઓને જણાઈ આવતા રજુઆત કરી તપાસ હાથ ધરી તેવી માંગ કરવામાં આવી છે.

દે.બારીઆ તાલુકામાં મનરેગા યોજના હેઠળ થયેલા કેટલાક કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો છે. અગાઉ બે ગામોમાં ભ્રષ્ટાચાર બહાર આવ્યો છે પુનઃ મનરેગા યોજના હેઠળ થયેલા કામોના પૈસા તો બારોબાર ખવાયા સાથે લાભાર્થી પાસેથી કામની મંજુરી પેટે લીધેલા હજારો રૂપિયા ખવાઈ જતાં લાભાર્થીઓ દ્વારા રજુઆત કરવામાં આવી છે. જેમાં બામરોલી ગામના બામરોલી મુવાડા ફળિયામાં રહેતા (૧)પુનાભાઈ હિરાભાઈ બારીયા, (૨)બાબુભાઈ મસુરભાઈ બારીયા,(૩)બારીયા સુબતભાઈ મણીલાલ, (૪)બારીયા કેસરસિંહ વિરસિંહ, (૫)બારીયા નારસિંગભાઈ રામજીભાઈ અને (૬)બારીયા નરવતભાઈ બાબુભાઈ મળી કુલ ૬ લાભાર્થીઓ પાસેથી વર્ષ–૨૦૧૯/૨૦૨૦માં ગામના એક વચેટિયા દ્વારા મનરેગા યોજના હેઠળ કુવા બનાવી આપવાની લાલચ આપી કુવાની મંજુરી પેટે તમામ લાભાર્થીઓ પાસેથી એક કુવા દીઠ રૂ.૫૫૦૦ ઉઘરાવ્યા હતા. તે પછીથી આ લાભાર્થીઓને કુવાની મંજુરી મળી જશે. તે કામના બિલોનુ ચુકવણુ પણ થઈ જશે. તેમ કહી લાભાર્થીઓને કુવા ખોદકામ કરવા માટે હિટાચી મશીન મોકલી આપ્યુ હતુ. જે હિટાચી મશીનમાં પણ આ લાભાર્થીઓ દ્વારા ડીઝલ ભરાવી પોતાના ખર્ચે કુવાનુ ખોદકામ કરાવ્યુ હતુ. જેમાં પણ લાભાર્થીઓના પૈસા ખર્ચાયા હતા. તે બાદ કુવાનુ ખોદકામ કર્યા બાદ લાભાર્થીઓને કુવા પેટે નાણાં નહિ મળતા અને સરપંચના વચેટિયા દ્વારા કુવાના કામો પુર્ણ નહિ કરાવતા આજેપણ કુવાના અધુરા કામ જોવા મળે છે. આ બાબતે અરજદારો દ્વારા તપાસ હાથ ધરાતા જે તે અરજદારના નામે કુવાના બિલોનુ ચુકવણુ થઈ ગયુ હોવાનુ અરજદારોને જણાઈ આવ્યુ હતુ. કુવાની મંજુરી પેટે આપેલા રૂપિયા તેમજ કુવાના બિલોના નાણાં બારોબાર ઉપાડી ગયા હતા. કુવાાની કામગીરી પણ હધુરી હોવાને લઈ અરજદારો દ્વારા આ બાબતે સ્થાનિક રાજકિય નેતાથી લઈ તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરવામાં આવી છે. આ બાબતે જો કોઈ યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં નહિ આવે તો અરજદારો દ્વારા ઉચ્ચ સ્તરે રજુઆત કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

# મહાવીર સ્વામી જન્મ કલ્યાણ નિમિત્તે દાહોદ શહેર ના માર્ગો પર શોભાયાત્રા કાઢવામાં આવી



દાહોદ,

ભગવાનની પુજા અર્ચન મુનિશ્રી સુધિનદસાગરજી દ્વારા ધર્મો ઊપદેશ આપવામાં આવ્યા હતા ભગવાન મહાવીર સ્વામી જન્મોત્સવ પારણા ઝુલાવવા કાર્યક્રમ પણ કરવામાં આવ્યું હતું સંગિતકાર તરુણભાઈ ગાંધી નાકલાવૃદ ના મધુર સંગીત સાથે પુજય મુનિ સુધિનદસાગરજીનાસાનિદય માં તથા રાજકુમાર પંડિત જીના નિર્દેશનમાં કાયેકૃમ યોજવામાં આવ્યું હતું. સમાજનાંસૌ ભાઈઓ બહેનો મિત્રમંડળ મંડળ સહિત લોકો મોટી સંખ્યામાં કાર્યક્રમમાં જોડાયા હતા.

# દાહોદની ગ્રાન્ટેડ શાળામાં આર.ટી.એકટ હેઠળ બાળકોને એડમીશન ન આપતા વાલીઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને રજુઆત

દાહોદ

આર.ટી. એક્ટ હેઠળ સરકારની યોજના અંતર્ગત દાહોદની ગ્રાન્ટેડ શાળામાં બાળકોને એડમિશન આપવામાં ન આવતા બાળકોના વાલીઓ દ્વારા આ મામલે દાહોદ જિલ્લા શિક્ષણ અધિકારીની મુલાકાત કરી આ સમસ્યાના નિરાકરણ માટે રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.સરકારની યોજનાઓ અંતર્ગત બાળકોને ભણવા માટે અનેક સહાયતા કરવામાં આવે છે ત્યારે આવી જ એક યોજનાઓ પૈકી આર.ટી. એક્ટ હેઠળ બાળકોને ગ્રાન્ટેડ શાળાઓમાં એડમિશન આપવામાં આવે છે ત્યારે આ યોજના હેઠળ દાહોદ શહેરમાં કેટલાક બાળકોના વાલીઓ દ્વારા આ યોજનામાં ફોર્મ ભર્યું હતું ત્યારે દાહોદ શહેરમાં આવેલ જમાલી ઇંગ્લીશ મીડીયમ સ્કુલમાં એડમિશન મળ્યું હતું પરંતુ જ્યારે બાળકોના વાલીઓ એડમિશન લેવા માટે જમાલી સ્કૂલમાં જતા ત્યાંના પ્રિન્સિપાલ દ્વારા કોઈ પ્રકારનો સંતોષકારક જવાબ ન આપતા હોવાના આક્ષેપો સાથે બાળકોના વાલીઓ દાહોદ જિલ્લા શિક્ષણ અધિકારી પાસે પહોંચ્યા હતા અને ત્યાં જઈ આ સમસ્યા માટેના નિરાકરણ માટે રજૂઆત કરવામાં આવી હતી ત્યારે જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતે વાલીઓને પણ સરકારી કામકાજ છે માટે સમય લાગશે તેવો જવાબ મળ્યો હોવાનું વાલીઓ દ્વારા જણાવાયું છે ત્યારે શાળામાં એડમિશન ન મળતા આવા વાલીઓ પોતાના બાળકના ભવિષ્ય માટે ચિંતિત બન્યા છે.

# દાહોદમાં જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા તેમજ જનરલ ઓબઝર્વર મોહમ્મદ અકબર વાનીની ઉપસ્થિતિમાં માઈક્રો ઓબઝર્વર્સની તાલીમ યોજાઈ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આવનાર લોકસભા ચૂંટણીને દ્યાને રાખીને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વ્યવસ્થાપનના ભાગરૂપે મતદાન દિવસે ફરજ પર નિમણુંક પામેલ અધિકારીઓ પોતાની કામગીરીની સંપૂર્ણતયા જાણકારી મેળવે તેમજ પોતાની ફરજ પ્રત્યે સતર્ક થાય એ હેતુસર સમયાંતરે વિવિધ તાલીમ યોજાવામાં આવી રહી છે.

દાહોદમાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેની અદયક્ષતા તેમજ જનરલ ઓબઝર્વરશ્રી મોહમ્મદ અકબર વાનીની ઉપસ્થિતિમાં માઈક્રો ઓબઝર્વર્સની તાલીમ યોજવામાં આવી હતી. જેમાં નિમણુંક પામેલ તમામ માઈક્રો ઓબઝર્વર્સ માટેની તાલીમ યોજવામાં આવી હતી.માઈક્રો ઓબઝર્વર્સની આ તાલીમ દરમ્યાન ચૂંટણી તંત્ર દ્વારા પ્રેક્ટિકલ, પેમ્ફલેટ તેમજ પી.પી.ટી. દ્વારા મતદાનના દિવસે માઈક્રો ઓબઝર્વર્સ દ્વારા કરવાની થતી બી. યુ., સી. યુ. તેમજ વીવીપેટની કામગીરીની મહત્વની જાણકારી મામલતદાર શ્રી સમીર પટેલ દ્વારા આપવામાં આવી હતી.

આ તાલીમ દરમ્યાન જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેએ તમામ માઈક્રો ઓબઝર્વર્સનો ઉત્સાહ વધારતાં જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણી એ આપણો રાષ્ટ્રીય તહેવાર છે, એની કામગીરી આપણા માટે રાષ્ટ્રીય કર્તવ્ય છે. જેને આપણે સૌએ ઈલેક્શન કમિશનની ગાઈડ લાઈન મુજબ અનુસરીને કરવાની છે. તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે, મતદાન દિવસે જો કોઈ ક્રિટિકલ પરિસ્થિતિ જણાય તો તાત્કાલિકપણે જનરલ ઓબઝર્વરશ્રી મોહમ્મદ અકબર વાનીને રિપોર્ટ કરવાનો રહેશે.

ઉપરાંત જનરલ ઓબઝર્વરશ્રી મોહમ્મદ અકબર વાનીએ પણ માઈક્રો ઓબઝર્વર્સને સંબોધતાં જણાવ્યું હતું કે, તમામ માઈક્રો ઓબઝર્વર્સએ નાનામાં નાની બાબતોનું ઝીણવટથી નિરીક્ષણ કરીને દરેક પ્રક્રિયાની નોંધ કરવી. મતદાન મથકની અંદર તેમજ તેની આજુબાજુની પ્રાથમિક વ્યવસ્થાનું પણ દ્યાન રાખી જો જણાય તો તાત્કાલિકપણે જે તે કામગીરી કરવા જણાવવું અથવા આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસર્સનું દ્યાન દોરવાનું રહેશે.

આ તાલીમ દરમ્યાન જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પી. પી. ટી. દ્વારા રજૂ કરવામાં આવેલ માહિતી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડે તેમજ જનરલ ઓબઝર્વરશ્રી મોહમ્મદ અકબર વાનીએ નિહાળી હતી તેમજ માઈક્રો ઓબઝર્વરને કોઈપણ પ્રકારના પ્રશ્નો હોય તો તે અંગેની ચર્ચા પણ કરવામાં આવી હતી.આ તાલીમ દરમ્યાન નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીસુશ્રી હેતલ વસૈયા, મદદનીશ ચુંટણી અધિકારી શ્રીઓ ,મામલતદાર શ્રીઓ તેમજ માઈક્રો ઓબઝર્વર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો દ્વારા લોકોને અવશ્ય મતદાન કરવા માટે રેલી યોજી સહપરિવાર મતદાન કરવા જાગૃત્તિ સંદેશ અપાયો

દાહોદ,

દાહોદ જિલ્લાનાં તમામ મતદારો આ મતદાનમાં અચૂક ભાગ લઈ જિલ્લાનું મતદાન મહત્તમ નોંધાય તે માટે ચૂંટણી પર્વ દેશ કા ગર્વ થીમ હેઠળ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા હાથ ધરાયેલા સ્વીપ કાર્યક્રમ અંતર્ગત મતદાતાઓને મતદાન કરવા પ્રોત્સાહિત કરવામા આવી રહ્યાં છે. દાહોદ જિલ્લામાં સંજેલી તાલુકામાં પ્રતાપપુરા, ચમારીયા તેમજ સંજેલી ગામમાં શિક્ષક મિત્રો દ્વારા લોકોને મત આપવા માટે શેરીઓમાં બાઈક રેલી યોજી જાગૃત્તિ સંદેશ આપી તમામ મતદારોને મતદાન અંગે પ્રેરિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત કાંસેટા તેમજ મંડોર ગામ ખાતે પણ અમારું મતદાન – લોકતંત્રનો પ્રાણ, મારો મત–મારું ભવિષ્ય સૂત્ર સાથે બાળકો દ્વારા ગામની શેરીઓમાં રેલી કાઢવામાં આવી હતી. તે સાથે ઘરે – ઘરે જઈને રૂબરૂ મળીને તેમજ ત્યાં ચાલી રહેલ લગ્ન પ્રસંગમાં જઈને પણ દરેક લોકો અચૂક મતદાન કરે એ માટેના સંકલ્પ લેવામાં આવ્યા હતા.આમ, વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો દ્વારા લોકોને અવશ્ય મતદાન કરવા માટે રેલી યોજી સહપરિવાર મતદાન કરવા જાગૃત્તિ સંદેશ આપવામાં આવ્યા હતા.સ્વીપ અભિયાન હેઠળ દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓના ગામોમાં ઠેર–ઠેર ગ્રામજનો અને વિદ્યાર્થીઓને મતદાન અંગે જાગૃત કરીને લોકશાહીના પર્વમાં સહભાગી બનાવવા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

# દાહોદના આગાવાડા ગામેથી પીકઅપમાંથી ૧.૪૭ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

દાહોદ

દાહોદ તાલુકાના આગાવાડા ગામેથી પોલીસે એક પીકઅપ ફોરવીલર ગાડીમાંથી વિદેશી દારૂના કુલ રૂપિયા ૧,૪૭,૮૪૦/–ના પ્રોહી જથ્થા સાથે ગાડી ની કિંમત મળી કુલ રૂપિયા ૬,૫૭,૮૪૦/–ના મુદ્દામાલ સાથે ગાડીમાં સવાર બે ઈસમોની અટકાયત કરી હોવાનું તેમજ અન્ય બે ઈસમો ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળે છે.

ગત તારીખ ૨૦ મી એપ્રિલના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદના આગાવાડાના ગામે નાકાબંધી કરી આવતા જતા તમામ નાના–મોટા વાહનોની તલાસી હાથ ધરી રહ્યા હતા તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક બોલેરો પીકઅપ ફોરવીલર ગાડી ત્યાંથી પસાર થતા પોલીસને જોઈ ગાડીમાં સવાર ચાર ઈસમો ભાગવાનો પ્રયાસ કર્યો હતો જ્યારે પોલીસે તેઓનો ફિલ્મની ઢબે પીછો કરતા હરેશભાઈ છગનભાઈ પરમાર (રહે. ઘોઠડા, પટેલ ફળિયુ, તા. ગોધરા, જી. પંચમહાલ) અને વિક્રમભાઈ ગોપાલભાઈ પરમાર (રહે. રતનપુર કાટડી, દેઘવાર ફળિયુ, તા. ગોધરા, જી. પંચમહાલ) અને નાઓને પોલીસે ઝડપી પાડ્યા હતા જ્યારે તેઓની સાથે અન્ય બે ઈસમો ગોપાલભાઈ જેનાભાઈ પરમાર (રહે. રતનપુર કાટડી, દેઘવાર ફળિયુ, તા. ગોધરા, જી. પંચમહાલ) અને મધ્યપ્રદેશનો એક ઈસમ એમ બંને ઈસમો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યા હતા પોલીસે ગાડીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૧,૩૪૪ જેની કિંમત રૂપિયા ૧,૪૭,૮૪૦/–ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૬,૫૭,૮૪૦/–ના મુદ્દામાલ કબજે કરી આ સંબંધે કતવારા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.203

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# શહેરાના ધાંધલપુર ગામે સામાન્ય બાબતે માતા-પુત્રએ ૩૦ વર્ષિય યુવાનનુ ગળુ દબાવી હત્યા કરતા ચકચાર

શહેરા,

શહેરાના ધાંધલપુર ગામ ખાતે સામાન્ય બોલાચાલીમાં માતા અને પુત્રએ ભેગા મળીને ૩૦ વર્ષીય યુવાનને મારમારી ગળુ દબાવીને હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી જઈને જરૂરી કાર્યવાહી હાથધરી ને માતા અને પુત્ર સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો.


શહેરા તાલુકાના ધાંધલપુર ગામના નિશાળ ફળિયામાં રહેતા પ્રવીણ મણીલાલ પટેલ શનિવારના રોજ ઊંમરપુર ગામ ખાતે પાઘડીમાં જઈને ઘરે પરત આવ્યો ત્યારે ઘર પાસેના રસ્તા ઉપર આજ ગામના જીતેન્દ્ર રમેશ પટેલ ગાળો બોલતો હતો. જેને લઈને પ્રવીણ પટેલ અને જિતેન્દ્ર પટેલ વચ્ચે બોલાચાલી બાદ ઝગડો શરૂ થયો હતો. જીતેન્દ્ર પટેલ એ ગુસ્સામાં આવીને પ્રવીણ પટેલને નીચે પાડી દઈને ગળુ દબાવી દીધુ જયારે રેખા બેન પટેલ એ પ્રવીણને ચંપલ વડે મારમારી રહયા હતા.જોકે થોડી ક્ષણોના આ ગુસ્સામાં માતાની મદદથી જીતેન્દ્ર પટેલએ પ્રવીણ પટેલનું ગળું દબાવીને હત્યા કરી દીધી હતી. આ બનેલા બનાવની જાણ પોલીસને થતા પોલીસ ઈન્સ્પેકટર રાહુલ રાજપુત સહિતનો પોલીસ સ્ટાફ બનાવ સ્થળ ખાતે આવી પહોંચીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. પોલીસ મથક ખાતે મરણ જનાર પ્રવીણની માતા રમીલાબેન એ બનેલી આ ઘટનાને લઈને ફરિયાદ નોંધાવતા પોલીસે જીતેન્દ્ર રમેશભાઈ પટેલ અને રેખા બેન રમેશભાઈ પટેલ સામે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. પોલીસે હત્યારા માતા અને પુત્રની શોધખોળ શરૂ કરવા સાથે આ બનેલી ઘટનાને લઈને તાલુકા પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

**ધાંધલપુર ગામ ખાતે સામાન્ય વાતને લઈને બે યુવાનો વચ્ચે થયેલ ઝઘડામાં એક યુવાનનું મોત થતા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. થોડીક વારના ગુસ્સાના કારણે એક પરિવારે પોતાનો એક ને એક વહાલો દીકરો ગુમાવ્યો અને ચાર બહેનોએ પોતાનો ભાઈ ની છત્રછાયા ગુમાવી હતી.**

**ધાંધલપુર ગામ ખાતે બનેલા બનાવને લઈને પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. પોલીસ મથક ખાતે ૩૦૨, ૩૨૩ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે..**
**રાહુલ રાજપુત પોલીસ ઈન્સ્પેક્ટર શહેરા**

**શહેરા તાલુકાના ધાંધલપુર ગામ ખાતે પ્રવીણ પટેલ અને જીતેન્દ્ર પટેલ વચ્ચે થયેલ સામાન્ય બોલાચાલી બાદ ઝઘડો થયો હતો. ઘટના સ્થળે બન્ને યુવાનો ની માતા ની હાજરીમાં થયેલ ઝગડામાં રમીલાબેન એ એક ને એક દીકરો પ્રવીણને ગુમાવ્યો હતો.થોડીક ક્ષણોના ગુસ્સાના કારણે યુવાનનું મોત થતા માતા અને પુત્રને જેલના સળિયા ગણવાનો વારો આવ્યો હતો.**

# ગોધરા ભુરાવાવ વિસ્તારની ૧૦૦ ઉપરાંત સોસાયટીના રહિશો દ્વારા પ્રાથમિક સુવિધા માટે વોટ્સએપ ગ્રુપ બનાવી રોષ ઠાલવ્યો



ગોધરા,

ગોધરા શહેરમાં લોકસભાની ચૂંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે તમામ રાજકીય પક્ષો પોતાની જીત માટે કમર કસી રહી છે.ત્યારે ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલી વિવિધ સોસાયટીના રહીશો પોતાની પ્રાથમિક સુવિધાઓ માટે અવાર નવાર નગરપાલિકા તંત્ર ને રજૂઆત કરવા છતાં પણ કામગીરી કરવામાં ન આવતા આખરે સોશ્યલ મીડિયાના માધ્યમનો સહારો લેવામાં આવ્યો છે.જેમાં ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલી ૧૦૦ ઉપરાંત સોસાયટીના પ્રમુખ કાર્યકર્તા સભ્યો વડીલ નાગરિકો ભુરાવાવ સર્વ સોસાયટી વિકાસ મંડળ નામનું વોટ્સેપ ગૃપ બનાવવામાં આવ્યું છે.જેમાં સોસાયટીના રહીશો પોતાની પ્રાથમિક જરૂરિયાતોને લઈને નગરપાલિકા સભ્યો ઉપર પોતાનો રોષ કાઢી રહ્યા છે.ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલ ૧૦૦ ઉપરાંત સોસાયટીના રહીશ અવાર નવાર નગરપાલિકા તંત્રને સાફ-સફાઈ સ્ટ્રીટ લાઈટ અને પાણીની સમસ્યા ને લઈને રજૂઆત કરવા છતાં પણ તેઓની રજૂઆતને સાંભળવામાં આવતી ન હતી જેથી આ સોસાયટીના રહીશો ઘણી વખત નગરપાલિકા ચીફ ઓફિસર સહિત જિલ્લા કલેકટર સાથે જિલ્લા સ્વાગતમાં પણ રજૂઆત કરી ચૂક્યા છે.અને ત્યારબાદ જિલ્લા સવાગતમાંથી રજૂઆતનું નિરાકરણ ના આવતા તેઓ રાજ્યના સ્વાગત સુધી પણ પોતાની રજૂઆત કરી ચૂક્યા છે.ત્યારે ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલ ૧૦૦ ઉપરાંત સોસાયટીના રહીશો પોતાની પ્રાથમિક સુવિધાઓનું નિરાકરણ લાવવા માટે સોશિયલ મીડિયા નો સહારો લઈ વફતિંફા ગ્રુપ બનાવવામાં આવ્યું છે.ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલ ૧૦૦ ઉપરાંત સોસાયટીના રહીશો પોતાના વિસ્તારોમાં લાંબા સમયથી વણઉકેલાયેલી સમસ્યાઓને લઈને નગરપાલિકા સભ્યો સામે વોટ્સેપ ગૃપમાં પોતાનો રોષ વ્યકત કરી રહ્યા છે.આમ હવે સોસાયટીના રહીશો પોતાની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે આધુનિકતા તરફ વળ્યા છે, હાલ તો આ વોટ્સ એપ ગૃપ સમગ્ર ગોધરા શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બન્યું છે.

# ગોધરા-વડોદરા હાઈવે કુશા કેમિકલ આગળ અજાણ્યા વાહને રિક્ષાને અડફેટમાં લેતા ત્રણને ઈજાઓ : એક મહિલાનુ મોત

ગોધરા,

ગોધરા શહેરના વડોદરા હાઈવે માર્ગ પાસે આવેલા નાદરખા અને વેજલપુર વચ્ચે કુશા કેમિકલ ની આગળ એક અજાણ્યા વાહન ચાલકે રીક્ષા ચાલકને અડફેટમાં લેતા રિક્ષામાં સવાર ત્રણ લોકોને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી.જેમાં એક આધેડ મહિલાનું ઘટના સ્થળ ઉપર કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે ૧૧વર્ષીય બાળકીની હાલત ગંભીર હોવાના કારણે તાત્કાલિક બાળકી અને તેની માતાને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વડોદરા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં ૧૧ વર્ષીય બાળકીની હાલત ક્રિટિકલ હોવાના કારણે તેને વડોદરા ખસેડવામાં આવી છે. જ્યારે ઘટનાની જાણ વેજલપુર પોલીસના પીએસઆઈ સહિત પોલીસ સ્ટાફને થતા તાત્કાલિક ઘટના સ્થળ ઉપર આવી વધુ તપાસ હાથ ધરેલ છે.



આ બનાવ સંદર્ભે ગોધરા શહેરના બહારપુરા સ્મશાન રોડ વિસ્તારમાં આવેલ ભૂતડી ઝાપાં વિસ્તારમાં રહેતા રતનબેન કાળુભાઈ ચૌહાણ અને તેમની દીકરી નિશાબેન અને પૌત્રી ભાર્ગવી બેન ગોધરા થી વેજલપુર એક રિક્ષામાં જઈ રહ્યા હતા ત્યારે ગોધરા વડોદરા હાઈવે પાસે આવેલ નાદરખા અને વેજલપુર વચ્ચે કુશા કેમિકલ ની આગળ એક અજાણ્યા વાહન ચાલકે રિક્ષાને અડફેટે લેતા રિક્ષામાં સવાર રતનબેન કાળુભાઈ ચૌહાણ નું ઘટના સ્થળ ઉપર કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે નિશાબેન કાળુભાઈ ચૌહાણ ઉવ.૪૦ ને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી જ્યારે ભાર્ગવી બેન ભરતભાઈ પ્રણામી ઉંવ ૧૧ વર્ષ ને માથાના અને પગના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થતા તાબડતોડ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વડોદરા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ તો વેજલપુર પોલીસ મથકના પીએસઆઈ ઘટના સ્થળ ઉપર પહોંચી ને વધુ તપાસ માટે ધમધમાટ શરૂ કર્યો છે.

# જાંબુઘોડા પંચમહાલ ડિસ્ટ્રિકટ બેંકના સ્ટાફ દ્વારા ૧.૨૧ કરોડની ઉચાપતના ૧૭ કર્મીઓ સામે ફરિયાદ નોંધાઈ

જાંબુઘોડા,

જાંબુઘોડાની પંચમહાલ ડિસ્ટ્રિકટ કો.ઓ.બેંકના મોરવા રેણાના સેવિંગ એકાઉન્ટમાં જાંબુઘોડા બેંકના કર્મચારી વિપુલભાઈ સોલંકીએ ફરજ દરમિયાન તા.૮ થી ૧૨ એપ્રિલ ૨૦૨૪ના રોજ જાતે જમાં સ્લિપો બનાવી હતી. અને રિસીવમાં પોતાની સહી કરી બ્રાન્ચનો સિકકો મારી જમાં બતાવ્યા હતા. ત્યારબાદ કેશ રોકડ જમા બતાવી હતી. તથા દિવવાડિયા દુધ સહકારી મંડળી તેમજ ધી કરા દુધ ઉત્પાદક સહકારી મંડળીના ખાતામાંથી પણ એકાઉન્ટ હોલ્ડરની જાણ બહાર પોતાના ખાતામાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા. અને એકાઉન્ટ હોલ્ડરોના મોબાઈલ નંબર મેસેજ ન મળે તે માટે વિપુલભાઈએ તેઓનો મોબાઈલ નંબર બદલી નાંખ્યો હતો. તથા ધી જોટવાડ દુધ ઉત્પાદક સહકારી મંડળી, ગિરીરાજ ટ્રેડર્સ તથા અશ્વિનકુમાર અશ્વિનભાઈ બારીયાના એકાઉન્ટમાંથી કુલ રૂ.૪૫ લાખ ખાતા ગ્રાહકની જાણ બહાર તેની પત્નિ સુનીતાબેનના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. આમ ગ્રાહકોના ખાતામાંથી મળી કુલ રૂ.૧,૨૧,૩૫,૦૦૦/-કોઈપણ વાઉચર કે ચેક વગર ખાતા ધારકોની જાણ બહાર પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ગ્રાહકો સાથે વિશ્વાસઘાતની જાણ બેંકના ચીફ એકિઝકયુટીવને થતાં તા.૧૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ હાલોલ પંચ.ડિ.બેંકના ડે.જનરલ મેનેજરને જાંબુઘોડા બ્રાન્ચમાં તપાસ માટે ટેલિફોનીક સુચના આપી હતી. હાલોલ બેંકના જનરલ મેનેજરે બેંક સ્ટાફના પરાગ જોશી, મૌલિક પટેલ, ભાર્ગવ પટેલ, તેમજ કમલદત્તને તપાસ કરવા માટે મોકલ્યા હતા. તેમને જાંબુઘોડા બેંકના સ્ટાફને સાથે રાખીને બ્રાન્ચનુ ઈન્સ્પેકશન કરતા હાથ ઉપર રોકડની ચકાસણી કરતા બંધ સિલક જોવા મળી ન હતી. જેથી જાંબુઘોડા પંચ.ડિ.બેંકના જનરલ મેનેજર દ્વારા જાંબુઘોડા પોલીસ મથકે રૂ.૧,૨૧,૩૫,૦૦૦/-ની ઉચાપતની ફરિયાદ વિપુલભાઈ સોલંકી, નિલેશ શાહ, દામિનીબેન પંડ્યા અને સુનીતાબેન સોલંકી સહિત ૧૭ સામે ગુનો નોંધાતા પોલીસે ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# પંચમહાલ ખાણ ખનીજ વિભાગે ગોધરાના છાવડ અને કાલોલના છગનપુરા ગામે રેતી વહન કરતા ૮ ટ્રેકટર ઝડપ્યા



ગોધરા,

પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગ ખનીજ ચોરી કરી વહન કરતા માફિયાઓને ઝડપી પાડવા માટે ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં ગોધરા તાલુકાના છાવડ અને કાલોલ તાલુકાના છગનપુરા ગામ પાસેથી ગેરકાયદેસર રેતી વહન કરતા ૮ ટ્રેકટર કિ.૫૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો.

પંચમહાલ જિલ્લામાં ખનીજ માફિયાઓ બેફામ રીતે કાયદાના ડર વગર ગેરકાયદેસર ખનીજ ચોરી કરતા હોય આવી ખનીજ ચોરીને રોકવા માટે જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા જિલ્લામાં વિવિધ સ્થળે ચેકિંગ કરીને અવાર નવાર ગેરકાયદેસર ખનીજ વહન કરતા વાહનોને ઝડપી પાડીને દંડનીય કાર્યવાહી કરતા હોય છે.તેમ છતાં ખનીજ ચોર ખનીજ ચોરીની પ્રવૃત્તિ ઉપર રોક આવતી નથી. જિલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા ગોધરા તાલુકાના છાવડ ગામે તેમજ કાલોલના છગનપુરા ગામે ચેકિંગમાં હોય દરમિયાન ગેરકાયદેસર રેતી વહન કરતા ૮ જેટલા ટ્રેકટરો કિ.રૂ.૫૦ લાખના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. છાવડ ગામેથી પકડાયેલ રેતીના ટ્રેકટર ગોધરા કલેકટર કચેરી કમ્પાઉન્ડમાં જવા માટે છગનપુરા ગામેથી ઝડપાયેલ રેતીના ટ્રેકટર વેજલપુર પોલીસ મથકે સીઝ કરવામાં આવ્યા હતા. અને ખનીજ ચોરીમાં ઝડપાયેલ ટ્રેકટર ચાલકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ગોધરા શહેરમાં આવેલ રેલવે ફાટક ની સામે ખોડીયાર ઈલેક્ટ્રોનિક ની ગલીમાં રહેતી દીકરીઓએ માન્યતા તોડી સ્મશાનમાં જઈ પુત્ર ધર્મ' નિભાવ્યો



ગોધરા,

ગોધરા શહેરના રેલ્વે ફાટકની સામે આવેલ ખોડીયાર ઈલેક્ટ્રોનિક ની ગલીમાં રહેતા ગજાનંદ હરીશંકર ઠાકર ઉંમર વર્ષ ૮૭નું અવસાન થતાં, તેમની ત્રણ દીકરી શીતલબેન કોમલબેન અને મુક્તાબેન તેમજ સ્નેહી-સગા સાથે ત્રણેય દીકરીઓએ કાંધ આપી હતી. એટલું જ નહીં, હૃદય કઠણ કરીને દીકરીઓએ પિતાની ચિતાને મુખાગ્નિ આપી અગ્નિસંસ્કાર પણ કર્યા.આ તકે જાણવા મળતી વિગત અનુસાર, ગોધરા શહેરના રેલવે ફાટક ની પાસે આવેલ ખોડીયાર ઈલેક્ટ્રોનિક ની ગલીમાં રહેતા ગજાનંદ હરીશંકર ઠાકરને ત્રણ દીકરીઓ છે.જ્યારે દીકરા રાકેશ ઠાકરનું દસ વર્ષ પહેલાં અવસાન થયું હતું. જેના કારણે ત્રણેય દીકરીએ દીકરાની ખોટ ક્યારેય ન વર્તવા દીધી નથી. આ ત્રણેય દીકરી જ દીકરા સમાન જ રહી હતી. પિતાની છત્રછાયામાં મોટી થયા પછી જ્યારે એ જ પિતાનું નિધન થયું, ત્યારે અંતિમ સંસ્કાર કોણ કરશે, તેવી ચિંતા વચ્ચે દીકરીઓ જ આગળ આવી હતી. સામાન્ય રીતે મહિલાઓ સ્મશાને જતી નથી, પરંતુ ગોધરા શહેરના રેલવે ફાટક ખોડીયાર ઈલેક્ટ્રોનિક ની ગલીમાં રહેતા ત્રણેય બહેનોએ પિતાને કાંધ આપી, સાથોસાથ પિતાની ચિતાને ભારે હૈયે મુખાગ્નિ આપી હતી.

# ગોધરા ભુરાવાવમાં સાર્થક સેવા ફાઉન્ડેશન દ્વારા થેલેસેમિયા પેશન્ટ બાળકોને નિઃશુલ્ક સેવા



ગોધરા,

સાર્થક સેવા ફાઉન્ડેશન ૪૭ શ્રીનાથ નગર, ભુરાવાવ, ગોધરા દ્વારા થેલેસેમિયા મેજર બાળકોને નિશુલ્ક બ્લડ ટ્રાન્સફ્યુઝન સાથે જરૂરી દવાઓ, સોનોગ્રાફી, ઈકો, બ્લડ રિપોર્ટ વિગેરેની નિશુલ્ક સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ સેન્ટરમાં ૫૦ ઉપરાંત બાળકો પંચમહાલ જિલ્લા સહિત ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આવી સેવાનો લાભ લઈ રહ્યા છે. સોશિયલ મીડિયાથી કંટાળેલા યુવાનો પુસ્તકો તરફ વળે તે માટે સાર્વજનિક પુસ્તકાલયનો પ્રારંભ કરવામાં આવ્યો છે તેમાં કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. આ સંસ્થાનું સંચાલન હિરેનભાઈ દરજી અને અલકાબેન દરજી કરી રહ્યા છે. તેમનો દીકરો ચિરંજીવી સાર્થક થેલેસેમિયા પેશન્ટ હતો એની યાદગીરીમાં આ દંપત્તિ આ ભગીરથ સેવાનું કાર્ય કરી રહી છે. આ સંસ્થાને વધુમાં વધુ બ્લડની જરૂરિયાત હોય રકતદાતાઓને વિનંતી કે વધુમાં વધુ રક્તદાન કરી થેલેસેમિયા મેજર બાળકોને આશીર્વાદરૂપ બનીએ. આ સંસ્થાને આપના શુભ અશુભ પ્રસંગો નિમિત્તે કંઈકનું કંઈક યોગદાન આપીએ અને આ સંસ્થા સરકારી સહાય વગરની હોય આપના સૌની ફરજ છે કે આ સંસ્થાને મદદરૂપ થઈએ એવી અપીલ

# મોરવા(હ)ના દેલોચ ગામે છકડો પલ્ટી જતાં બાળકી અને મહિલાનુ મોત

શહેરા,

મોરવા(હ)તાલુકાના મોરા રોડ ઉપર આવેલ દેલોચ નજીક છકડો પલ્ટી ખાતા છકડામાં સવાર ૫૬ વર્ષિય મહિલા અને ૪ વર્ષની બાળકીને ગંભીર ઈજાઓ થતાં બંનેનુ મોત નીપજ્યું હતુ.

શહેરા તાલુકાના જુની સુરેલી ગામે રહેતા અમરસિંહ ધામાભાઈ વણઝારાની બહેન નામે સીતાબેન શ્રવણભાઈ વણઝારા તેઓની ભાણી અનીતાના ઘરે મહેમાન તરીકે ગયા હતા ત્યાં મોરવા(હ)તાલુકાના વનેડા ગામેથી તેઓની પુત્રી દક્ષા અને જીયાંશીને મુકવા જતાં હતા. તે દરમિયાન મોરવા(હ)ના મોરા રોડ પર આવેલા દેલોચ ગામ નજીક છકડા ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા છકડો પલ્ટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં છકડામાં સવાર સીતાબેન શ્રવણભાઈ વણઝારા(ઉ.વ.૫૬, રહે.જુની સુરેલી વણઝારા ફળિયુ)ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જયારે નાની બાળકી જીયાંશી વિપુલભાઈ વણઝારા (ઉ.વ.૪, વનેડા, કોતર ફળિયુ, તા.મોરવા(હ)ને ગંભીર ઈજાઓ થઈ હતી. જેને લઈ ગંભીર રીતે બંને ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે મોરા સીએચસી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જયાં હાજર તબીબે બંનેને મૃત જાહેર કર્યા હતા. તે બાદ સર્જાયેલ અકસ્માતમાં મૃત્યુ પામેલ બંનેના મૃતદેહને પી.એમ.માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે છકડો ચાલક સ્થળ ઉપર છકડો મુકી ભાગી ગયો હતો. ત્યારે આ સમગ્ર બાબતે મોરવા(હ)પોલીસ મથકે છકડા ચાલક સામે ફરિયાદ નોંધાવવા પામી છે.

# પંચમહાલ જિલ્લા આઈ.સી.ડી.એસ.વિભાગ દ્વારા "ચુનાવ પાઠશાલા" અંતર્ગત જાંબુઘોડામાં વિવિધ સ્થળો પર રેલી યોજી



ગોધરા,

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આશિષ કુમારના માર્ગદર્શન હેઠળ ૧૮-પંચમહાલ સંસદીય વિસ્તારમાં વધુમાં વધુ લોકો ૭ મે ના રોજ લોકશાહીના પર્વમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરે તે માટે મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.બારિયાની સૂચના અન્વયે આઈ.સી.ડી.એસ.વિભાગના પ્રોગ્રામ ઓફીસર શ્રીમતી રમીલાબેન ચૌધરીની અદયક્ષતામાં જાંબુઘોડા તાલુકામાં "ચુનાવ પાઠશાલા"નું આયોજન કરાયું હતું. જે અંતર્ગત જાંબુઘોડાના વિવિધ સ્થળો પર મતદાન જાગૃતિ માટે લોકોને પ્રોત્સાહિત કરવા રેલી કાઢવામાં આવી હતી. આ રેલી જાંબુઘોડા તાલુકા પંચાયત કચેરીથી શરૂ કરીને, બેંક ઓફ બરોડા સહિતના રસ્તાઓ પરથી લઈને રણછોડરાયના મંદિર સુધી મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.રેલી પૂર્ણ થયે સૌ કોઈએ સાથે મળીને અવશ્ય મતદાન માટે પ્રતિજ્ઞા લીધી હતી.આંગણવાડીની બહેનો દ્વારા રંગોળી બનાવીને મતદાન જાગૃતિનો સંદેશો આપ્યો હતો. આ રેલીમાં તાલુકા પંચાયતના કર્મચારીશ્રીઓ,આઈ.સી.ડી.એસ.કચેરીના મુખ્ય સેવિકા બહેનો તેમજ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો,સ્વ સહાય જૂથની બહેનો તેમજ અન્ય કર્મચારીશ્રીઓ જોડાયા હતા.મતદાન જાગૃતિને લગતા વિવિધ પોસ્ટર્સ સાથે કર્મચારીઓએ લોકોને મતદાન કરવા પ્રોત્સાહિત કર્યા હતાં.

# ૨૧ એપ્રિલે વિવિધ માધ્યમોમાં છપાયેલા સમાચાર અંગે પંચમહાલ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની સ્પષ્ટતા

ગોધરા,


તા.૨૧/૪/૨૦૨૪ના રોજ વિવિધ પ્રચાર-પ્રસારના માધ્યમોમાં છપાયેલ સમાચાર બાબતે પંચમહાલ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે કે,વિવિધ માધ્યમોમાં પંચમહાલ બેઠક પર કોંગ્રેસ ઉમેદવારના એફીડેવીટમાં ક્ષતિ બાબતે સમાચાર છપાયા હતા. છપાયેલ સમાચાર મુજબ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કોંગ્રેસના ઉમેદવારને ક્ષતિ સુધારવા માટે એક કલાકનો સમય આપવામાં આવ્યો હતો અને ભુલ સુધાર્યા પછી, નોમીનેશન ફોર્મ માન્ય કરવામાં આવ્યું, જે બાબત તદ્દન પાયાવિહોણી છે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, પંચમહાલ દ્વારા કોંગ્રેસના ઉમેદવારને ક્ષતિ સુધારવા માટે નહિ, પરંતું જવાબ રજુ કરવા માટે એક કલાકનો સમય આપવામાં આવ્યો હતો, મળેલ જવાબ અને ચૂંટણી પંચની સુચનાઓને દયાને લઈને ઉમેદવારીપત્ર માન્ય કરવામાં આવ્યું હતું.જે સત્ય હકીકત છે.

આગામી સમયમાં તમામ માધ્યમો અને સમાચારપત્રોને ચૂંટણી આયોગની ગાઈડલાઈન મુજબ ખોટી અને અધુરી માહિતીવાળા સમાચાર ના પ્રસિદ્ધ કરવા જણાવવામાં આવે છે.

# શહેરાના ગ્રામ્ય વિસ્તારમાં લોકસભા ચુંટણીને લઈ સીઆઈએસએફ જવાનોની ફલેગ માર્ચ યોજાઈ

શહેરા

શહેરામા લોકસભાની ૨૦૨૪ની ચુંટણી ને અનુલક્ષી નગર તેમજ ગ્રામ્ય વિસ્તારો માં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સી.આઈ.એસ. એફ ના જવાનો ની ચુંટણી લક્ષી ફ્લેગ માર્ચ નગર અને ગામ્ય વિસ્તાર માં નીકળી હતી. આ ફ્લેગ માર્ચ બસ સ્ટેશન થી મેઈન બજાર , સિંધી ચોકડી સહિત નગર ના વિવિધ વિસ્તારો માં ફરીને તાલુકા ના ગ્રામીણ વિસ્તારો



ના માર્ગો પર ફ્લેગ માર્ચ યોજાતા પ્રજામાં કુતુહલ અને આશ્ચર્ય ફેલાયું હતુ.